GJAH020130592026

Presented on : 05-08-2026
Registered on : 06-08-2026
Decided on : 08-08-2026
Duration :

---

**અમદાવાદનાં મે.અધિક સત્ર ન્યાયાધીશશ્રી જે.આઇ.પટેલ સાહેબની**

**કોર્ટ નં.૬ મુ. અમદાવાદ.(બેઇલ કોર્ટ)**

**ક્રિ.પ.અ.નં.૫૭૪૮/૨૦૨૬**

અરજદાર/ આરોપી : **મુકેશકુમાર સ/ઓ. શ્યામરાવ કુંવર**
ઉ.વ.આ.૩૯,ધર્મે–હિન્દુ,ધંધો–નોકરી,
રહે–૧૧૦ ભક્તિનગર, ભરવાડ વાસ,
નોબલ સ્કુલ પાછળ,નવા નરોડા,અમદાવાદ.

**વિરુધ્ધ.**

સામાવાળા : **સરકાર શ્રી**

---

અરજદાર તરફે. : –વિ.વ.શ્રી જે.વી.પટેલ

સામાવાળા તરફે. :– વિ.એ.પી.પી.શ્રી

---

## ચુકાદો

(૧) આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ એરપોર્ટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:–૧૧૧૯૧૦૪૬૨૬૦૨૬૭/૨૦૨૬,ધી બી.એન.એસ.ની કલમ–૩૦૯(૪), ૩૦૯(૬), ૧૧૫(૨), ૧૪૦(૨), ૨૦૪, ૧૨૭, ૬૧(૨) વિગેરે મુજબનો નોંધાયેલ હોય, તપાસ કરનાર અધિકારી સદર ગુનાના કામે તેઓની ધરપકડ કરશે તેવી દહેશત હોય, અરજદાર/આરોપીએ ધી ભારતીય નાગરીક સુરક્ષા

સંહિતા,૨૦૨૩ (ટુંકમાં બી.એન.એસ.એસ.)ની કલમ ૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) જામીન અરજી રજુ થતા વિ.એ.પી.પી.શ્રીને નોટીસ કાઢવામાં આવેલ છે જે અન્વયે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલ છે તેઓએ તપાસ કરનાર અધિકારીએ આંક–૫ થી સોગંદનામું રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીએ જામીન અરજી અન્વયે દલીલ કરી જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ ગેરકાયદેસર રીતે, દુબઇથી સોનું મંગાવેલ છે. હાલના અરજદારનો ગુનાના કામે કોઇ રોલ નથી. અરજદાર વિરુધ્ધ ખોટી હકીકત ઉભી કરી ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદારે ગુનાના કામે કોઇ ભાગ ભજવેલ નથી. આ ગુનાના કામે મુદ્દામાલ સોનું રીકવર કરવામાં આવેલ નથી. અરજદાર પોલીસમાં નોકરી કરે છે અને અમદાવાદના કાયમી રહેવાસી છે જેથી નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર તપાસના કામે સંપુર્ણ સાથ સહકાર આપવા માટે તૈયાર અને ખુશી છે. અરજદારની કસ્ટોડીયલ ઇન્ટ્રોગ્રેશન જરુરી જણાતી નથી. હાલના અરજદાર તથા અન્ય અરજદારે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.ક્રિ.પ.અ.નં.૧૦૭૪૪/૨૦૨૬ થી ક્વોસીંગ અરજી ફાઇલ કરેલ છે જે હાલ પેન્ડીંગ છે.અરજદારે સોનાની કોઇ લુંટ કરેલ નથી. આ કામે કોઈ મુદ્દામાલ અરજદાર પાસેથી રીકવર કે ડીસ્કવર કરવાનો બાકી રહેતો નથી. આ કામે અરજદાર પરિવારમાં એકમાત્ર કમાનાર વ્યકિત છે અને પરિવારની જવાબદારી તેમના શીરે છે, અરજદાર અમદાવાદના કાયમી રહીશ છે, નાસી ભાગી જાય તેમ નથી તેમજ નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે તેમજ દર મુદતે નામદાર કોર્ટમાં હાજર રહેશે. તે તમામ કારણો ધ્યાને લઇ, અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ તપાસ કરનાર અધિકારીએ રજુ કરેલ એફીડેવીટ આગળ ધરી દલીલ કરી જણાવેલ છે કે, ફરીયાદ હકીકત વાળા બનાવમાં હાલના અરજદાર/આરોપીની સંડોવણી સી.સી.ટી.વી ફુટેજ તેમજ પકડાયેલા આરોપીઓના નિવેદનમાં નામ ખુલવા પામેલ હોય, પોતાની ધરપકડ ટાળવા સારુ આજદિન સુધી નાસતા ફરતા રહેલ છે અને અરજદાર/આરોપી પોલીસ ખાતામાં નોકરી કરે છે અને તે રીતે તેઓ રાજ્ય સેવક છે એ આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેમજ સુલેહ શાંતિનો ભંગ કરે કરાવે તેમજ ફરીયાદી સાહેદોને લોભ લાલચ તથા પ્રલોભન આપે તેવી પુરેપુરી શક્યતા રહેલી હોય, હાલ ગુનાની તપાસ ચાલુ હોય, અરજદારનું કસ્ટોડીયલ ઈન્ટ્રોગ્રેશન જરુરી જણાતું હોય, હાલની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) આ કામે રજુ થયેલ જામીન અરજી તથા તે સાથે રજુ થયેલ દસ્તાવેજો, તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું આંક-૫ વંચાણે લીધુ તેમજ બંન્ને પક્ષકારોના વિંધ્વાન વકીલશ્રીઓની દલીલો સાભળી.

(૬) આ કામે ફરીયાદ હકીકત ધ્યાને લેતા હાલના ગુનાના કામે હાલના અરજદાર/આરોપી તથા નહિ પકડાયેલા આરોપીઓએ એકબીજા સાથે મળી પુર્વ આયોજીત ગુનાહિત કાવતરુ રચી અપહરણ કરી માર મારી ૬૦૦ ગ્રામ સોનું કિંમત રુ.૬૪,૦૦,૦૦૦/- ની મત્તાની લુંટ કરેલાનો આક્ષેપ છે. તપાસ કરનાર અધિકારીની રજુઆત મુજબ હાલના અરજદાર/આરોપીની સંડોવણી સી.સી.ટી.વી ફુટેજ તેમજ પકડાયેલા આરોપીઓના નિવેદનમાં નામ ખુલવા પામેલ હોય, પોતાની ધરપકડ ટાળવા સારુ આજદિન સુધી નાસતા ફરતા રહેલ છે અને અરજદાર/આરોપી પોલીસ ખાતામાં નોકરી કરે છે અને તે રીતે તેઓ રાજ્ય સેવક છે એ આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેમજ સુલેહ શાંતિનો

ભંગ કરે કરાવે તેમજ ફરીયાદી સાહેદોને લોભ લાલચ તથા પ્રલોભન આપે તેવી પુરેપુરી શક્યતા રહેલી હોય, હાલ ગુનાની તપાસ ચાલુ હોય, અરજદારની કસ્ટોડીયલ ઈન્ટ્રોગ્રેશન જરુરી છે. આ કામે હાલના અરજદાર/આરોપી પોલીસ વિભાગમાં નોકરી કરે છે અને તેમના સિવાય અન્ય બે પોલીસ કર્મચારીઓ તથા અન્ય ત્રીજા બીજા વ્યકિતોએ ભેગા મળી કુલ્લે રુ.૬૪,૦૦,૦૦૦/- ના સોનાની લુંટ કરેલાનો આક્ષેપ છે. આ કામે ગુનામાં વપરાયેલ ગાડી કે જેમાં અપહરણ કરી લુંટ કરવામાં આવેલ છે તે ગાડી હાલના અરજદારની છે અને અરજદારને તેમના વિભાગ દ્વારા સજાના ભાગરુપે "કે" કંપની ફરજ પર મુકવામાં આવેલ છે. હાલના અરજદારની હાજરી સી.સી.ટી.વી. માં તેમજ અન્ય અરજદારોના નિવેદનથી ફલિત થાય છે તેમજ એક અન્ય ગુનો પણ નોંધાયેલ છે. હાલના અરજદાર/આરોપી પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે અને તેઓ વિરુધ્ધ ડોવલણ પો.સ્ટે.માં એક પ્રોહીબીશનનો ગુનો પણ નોંધાયેલો છે. આમ, અરજદાર પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે અને તેઓ વિરુધ્ધ પ્રોહીબીશનનો ગુનો નોંધાયેલ છે તેમજ હાલના ગુનાની ગંભીરતા ધ્યાને લેતા અરજદારની રાજ્ય સેવક તરીકેની વર્તણૂંક તેમજ હાલના ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ વિગેરે ધ્યાને લેતા, અરજદારનું કસ્ટોડીયલ ઈન્ટ્રોગ્રેશન જરુરી જણાતું હોય, આગોતરા જામીન અરજીના તબકકે વધુ ગુણદોષમાં ન ઉતરતા, અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયી અને વ્યાજબી જણાતું ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

એરપોર્ટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:- ૧૧૧૯૧૦૪૬૨૬૦૨૬૭/૨૦૨૬, મુજબના ગુનાના કામે હાલના અરજદાર/આરોપી

નાઓની**મુકેશકુમાર સ/ઓ. શ્યામરાવ કુંવરની** હાલની આગોતરા જામીન અરજી આથી ના–મંજુર કરવામાં આવે છે.

જરુરી યાદીઓ કરવી.

આ હુકમ આજરોજ તારીખ **૮** મી માહે **ઓગષ્ટ** સને **૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

સ્થળઃ અમદાવાદ
તારીખઃ૦૮.૦૮.૨૦૨૬

(જયેશકુમાર ઈશ્વરલાલ પટેલ)
જજ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
અદાલત નંબરઃ ૬,(બેઈલ કોર્ટ)
અમદાવાદ.
**યુનિક આઈ.ડી નંબરઃ GJ00646**

//**hdp**//